# ગાંધીનગરમાં સતત ત્રીજા દિવસે કોલ્ડવેવ : પારો ૭.૬ ડિગ્રી

**રાજ્યનું પાટનગર હીલસ્ટેશનમાં ફેરવાયુ : વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો : જીનજીવન પર ઘેરી અસર**



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં સતત ત્રીજા દિવસે કોલ્ડવેવ યથાવત રહ્યો છે. લઘુત્તમ તાપમાન ૭.૬ ડિ.સે. રહેતા વસાહતીઓ ગાત્રો થીજવી દેતી ઠંડીનો સામનો કરી રહ્યા છે. ઘરના બારી-બારણા દિવસ-રાત બંધ રાખવા પડે તેવી આકરી ઠંડી પડી રહી છે.

સમગ્ર ઉત્તર ભારત શીતાગારમાં ફેરવાયુ હોય તેવી ઠંડી પડી રહી છે. સીધો બરફની પાટ પરથી પવન ફુંકાતો હોય તેવો ઠંડોગાર પવન વસાહતીઓને થથરાવી રહ્યો છે. ઘરમાં જ પુરાઈ રહેવુ પડે તેવો ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. ગાંધીનગરમાં તો સતત ત્રીજા દિવસે કોલ્ડવેવની અસર રહી છે. ગાંધીનગર ગુજરાતનુ કોલ્ડેસ્ટ સીટી બની રહ્યું છે. હરિયાળી અને પ્રદૂષણમુક્ત વાતાવરણ ઠંડીમાં વધારો કરી રહ્યા છે. લઘુત્તમ તાપમાન ૭.૬ ડિ.સે. રહેતા

● અનુસંધાન પાન-૭ પર

**શાળાએ ન જતા બાળકોની સંખ્યા અંગે**

# શિક્ષણ અને આરોગ્ય વિભાગ વચ્ચે મોટો તફાવત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં શાળાએ ન જતાં બાળકોની સંખ્યાની વિસંગતતાને લઈ એક નવો વિવાદ ઉભો થવા પામ્યો છે.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ૦ થી ૧૮ વર્ષના શાળાએ ન જતા બાળકોની સંખ્યા ૬૦૦ જેટલી દર્શાવવામાં આવી છે. જ્યારે સર્વ શિક્ષા અભિયાન દ્વારા શાળાએ ન જતા બાળકોને લઈ કરવામાં આવેલ સર્વેમાં આ સંખ્યા ૫ હજારથી વધુ બતાવવામાં આવેલ છે.

આ બન્ને વિભાગોના અતિ મહત્વાકાંક્ષી સરકારના કાર્યક્રમો છે અને બન્ને વિભાગો સર્વે કર્યા બાદ વિગતો તૈયાર કરતા હોય છે. ૧૦૦ થી ૨૦૦ સુધીનો તફાવત સમજી શકાય એવો છે પણ આ તફાવત ચાર હજાર કરતાં પણ વધુ છે. ત્યારે કોનો સર્વે સાચો ખરેખર કઈ સંખ્યા સાચી તેને લઈ અનેકવિધ વાતો તંત્રના કર્મયોગીઓ અને જનતામાં ચોરે ને ચૌટે થઈ રહી છે.

**સરકારના બન્ને વિભાગોના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સમાં જ વિદ્યાર્થીઓની સંખ્યાની વિસંગતતાને લઈ 'દાલ મેં કુછ કાલા હે' તેવુ લોકો કહી રહ્યા છે**

જિલ્લામાં નહી પણ આ બન્ને વિભાગો પ્રજા સાથે સીધા સંકળાયેલા છે અને આટલો મોટો તફાવત કેમ ? કોણ સાચુ ? જિલ્લામાં આરોગ્યતંત્રએ સર્વે કરી અને શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમનો લક્ષ્યાંક નિયત કર્યો છે.

જિલ્લામાં ગામની સંખ્યાને લઈ જેમ મહેસુલ વિભાગ અને પંચાયત વિભાગ વચ્ચે તફાવત હોય છે. પંચાયતી વિલેજ હોય પણ મહેસુલી વિલેજ જાહેર ના કરાયુ હોય તો ગ્રામીણ વિસ્તારોને ગ્રાન્ટની રકમ સહિત અનેકવિધ વિવાદો થયા છે. રાજ્ય સરકારે પણ પંચાયતી ગામોને મહેસુલી ગામનો દરજ્જો આપવા માટેની નીતિ તૈયાર કરવાની વાત સમયાંતરે કરતી રહે છે પણ તે દિશામાં નક્કર કામગીરી કરવામાં આવતી નથી. આ વિવાદ હજુ લટકતો જ છે ત્યાં શિક્ષણ વિભાગ અને આરોગ્ય વિભાગ દ્વારા શાળાએ ન જતા

● અનુસંધાન પાન-૭ પર

# કોબા અડાલજ માર્ગને ફોરલેન કરવાનુ કામ અપ્રિલમાં પુર્ણ થશે

**માર્ગને બન્ને બાજુ ૮.૫૦ મીટર પહોળો કરાશે : સુરત વડોદરા અને પાલનપુર તરફ જતા ટ્રાફિકને સરળતા રહેશે**

ગાંધીનગર તા ૨૯

કોબા અડાલજ માર્ગને ફોરલેન કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે . આ માર્ગને બન્ને બાજુથી ૮.૫૦ મીટર પહોળો કરાશે. જયારે આ કામગીરીના અંતે સુરત વડોદરા અને પાલનપુર તરફ જતા ટ્રાફિકને પણ અવરજવર કરવામાં સરળતા રહેશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરાશે. આગામી અપ્રિલ મહીના સુધીમાં કામ પુર્ણ કરી દેવાશે.

ગાંધીનગરના અડાલજ કોબા માર્ગને ફોરલેન કરવાનુ કામ હાથ ધરાયુ છે. આ માર્ગ અત્યારે ૭ થી ૧૦ મીટર વાઈડનીંગ ધરાવે છે. જયારે આ માર્ગને બન્ને બાજુએથી ૮.૫૦ મીટર પહોળો કરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. આ ઉપરાંત સેન્ટ્રલ વર્જને પણ પહોળો કરાશે. આ માર્ગ કોબા સુધી ફોરલેન છે. જયારે વચ્ચે બાકી રહેતા બેલ્ટનુ કામ પણ પુર્ણ થતા સુરત વડોદરા અને પાલનપુર તરફ જવાના રૂટ પણ અપગ્રેડ થશે. આ રૂટમાં ટ્રાફિકની અવરજવર સરળ બનશે. જયારે માર્ગ સલામતીના પરિબળો પણ મજબુત બનશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરાશે. જયારે આગામી એપ્રિલ મહીના સુધીમાં કામગીરી પુર્ણ કરી દેવાશે. વધુમાં આ માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જને પણ યોગ્ય કરાશે. વચ્ચેના ડિવાઈડરનુ પણ કામ હાથ ધરાશે જેથી વચાળાનો ભાગ વધુ આકર્ષક બનશે. માર્ગ નવિનીકરણની સાથે થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ પણ લગાવાશે. ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના માર્ગોની સુધારણાનુ કામ પણ તેજ ગતિએ હાથ ધરાયુ છે. શહેરી વિસ્તારમાં પણ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને માર્ગ સુધારણાની કામગીરીનો ધમધમાટ ચાલી રહ્યો છે.

આ ઉપરાંત બ્યુટીફિકેશન પણ કરવામાં આવી રહ્યુ છે. બીજીતરફ વાઈબ્રન્ટમાં વી વી આઈ પી મહાનુભાવોની અવરજવરને ધ્યાને લઈને સફાઈ બ્યુટીફિકેશન તેમજ સલામતીના પરિબળોને અનુલક્ષી પુરજોશમાં કામગીરી ચાલી રહી છે. બીજીતરફ જેમાં હાલ નેશનલ હાઈવે દ્વારા ચિલોડા સરખેજ રૂટની કામગીરી પણ ચાલુ કરી દેવામાં આવી છે. જેથી આગામી સમયમાં આ માર્ગ પર ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને ઝડપી બનશે.






# કન્સ્ટ્રકશન સાઈટને ૩ વખત નોટીસ બાદ પણ મચ્છરના પોરા મળશે તો સાઈટ સીલ કરાશે

**જિલ્લાની ૨૪૫ કન્સ્ટ્રકશન સાઈટોને તંત્રનો પત્ર -તંત્રએ આગામી વર્ષનો રોડમેપ તૈયાર કર્યો**

ગાંધીનગર, તા.૨૯

જિલ્લામાં ચાલતી ૨૪૫ જેટલી બાંધકામ સાઈટોના સંચાલકોને આગામી વર્ષે મેલેરિયા-ડેનગ્યુના કેસો વધે નહિ તે માટે કન્સ્ટ્રકશન સાઈટ પર ૩ વખત જો મચ્છરના પોરા, બ્રિડીંગ દેખાશે અને નોટીસ અપાઈ હશે તો સાઈટ સીલ કરવા સહિતના સખ્ત પગલાં લેવામાં આવશે.

જિલ્લા આરોગ્યતંત્ર એ વાહકજન્ય રોગચાળાને કાબુમાં રાખવા માટે નૂતન વર્ષના આરંભથી જ તે અંગેનું આયોજન કરી અને કામગીરી હાથ ધરી છે.

મેલેરિયા તંત્ર દ્વારા આગામી વર્ષનો રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે. તંત્ર દ્વારા બાંધકામ સાઈટોના સંચાલકોને પાઠવેલા પત્રમાં જિલ્લામાં મેલેરિયાના કેસોમાં થયેલા ઘટાડાનો ઉલ્લેખ કરાયો છે પણ સાથે સાથે ડેનગ્યુના વધતા જતા કેસો અંગે ચિંતા પણ વ્યકત કરવામાં આવી છે.

૨૦૨૨ સુધીમાં ગુજરાતને મેલેરિયા મુકત કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવેલ છે જે ઉલ્લેખનીય છે.આ પત્રમાં તંત્ર એ જણાવ્યું છે કે બાંધકામ સાઈટ પર

● અનુસંધાન પાન-૭ પર






# પાણી-ગટર વેરા વસુલાત માટે તંત્રની તૈયારી

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં પાણી સપ્લાય કરવા માટે સરકાર પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરે છે. જયારે દરવર્ષે માર્ચ મહીનામાં પાણી ગટર વેરાની વસુલાત માટે એડવાન્સ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવે છે.જો કે ઝુંબેશના અંતે પણ તંત્રના ચોપડે બાકીદારોની સંખ્યા વિશેષ છે. અલબત્ત પાણી ગટર વેરાના બાકીદારોનો આંકડો પણ મોટો છે. ત્યારે આ મામલે નોટીસ આપવા સિવાય કાંઈ નક્કર આયોજન થઈ શક્યુ નથી. શહેરમાં અંદાજિત ૨૬ હજારથી પણ વધુ જોડાણકર્તાઓ છે. જેની સામે અંદાજિત ૩.૫૦ કરોડ જેટલા બાકી માંગણાની વસુલાત માટે તંત્રએ તૈયારી શરૂ કરી દીધી છે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત હાથ ધરવા માટે એડવાન્સ ઝુંબેશ હાથ ધરાશે. દર વર્ષે ફેબ્રુઆરી મહીનામાં પાણી ગટર વેરાના બિલની વહેંચણી કરવામાં આવે છે જો કે હજુ તંત્રના માથે જુનુ બાકી માંગણુ યથાવત છે. અલબત્ત વસુલાતના ક્ષેત્રે બાકી આંકડો પણ મોટો છે. ત્યારે જુના બાકીદારોની પાસેથી માંગણુ વસુલવા માટે પણ વિચારણા હાથ

● અનુસંધાન પાન-૭ પર















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com